## અનેક ગ્રંથોના રચનાકાર, બહુશ્રુત વિદ્વાન અને કવિ

# ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ

ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી જન્મે વણિક હતા. તેમની માતાનું નામ રાજશ્રી-રાજબાઈ અને પિતાનું નામ તેજપાલ હતું. તેઓ મુનિ તરીકે શ્રી વિજયહીરસૂરિના શિષ્ય ઉપાધ્યાય શ્રી કીર્તિવિજયજીના શિષ્ય હતા. તેમણે પોતાની જનનીના શ્રેય માટે ચિત્કોશમાં મૂકેલી કથાસંગ્રહ, જ્ઞાતાસૂત્ર વગેરે ગ્રંથોની પ્રતો પાટણના જૈન ગ્રંથભંડારમાં જોવામાં આવે છે. આ કવિએ પોતાના જીવનમાં અનેક તપાગચ્છ અધિપતિઓના સમયમાં ગ્રંથોનું લેખન, સંશોધન, અવગાહન અને રચનાકાર્ય કર્યું જણાય છે. તેમના ગુરુબંધુ કાંતિવિજયે 'સંવેગ-રસાયણ બાવની'માં કરેલ સૂચન પ્રમાણે તેમણે બે લાખ શ્લોકપ્રમાણ રચના કરી, સમાજને ઉપયોગી સાહિત્ય પૂરું પાડ્યું હતું. આ રચનાઓથી સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિંદી આદિ ભાષા પરનું તેમનું પાંડિત્ય પ્રગટ થાય છે. ઉપરાંત, તેઓ વ્યાકરણ, ન્યાય, સાહિત્ય, ધર્મ, દર્શન અને આગમિક સાહિત્યના સર્જક પણ હતા. તેઓની પ્રખર વિદ્વત્તાને કારણે મહોપાધ્ય શ્રી યશો-વિજયજી પણ તેમનો આદર કરતા. તેમની મુખ્ય રચનાઓ આ પ્રમાણે જાણવામાં આવી છે :—

વિ. સં. ૧૬૮૪માં ચૈત્ર વદ ૧૦ના રચાયેલ રામચંદ્રકૃત શ્રી શેષી—નૈષધવૃત્તિનું લેખન. વિ. સં. ૧૬૮૭માં યંત્રરાજ ગ્રંથનું લેખન. વિ. સં. ૧૬૮૯માં ઉપાધ્યાય ભાવવિજયજીએ રચેલી ઉત્તરાધ્યયન વૃત્તિનું સંશોધન. વિ. સં. ૧૬૯૦માં ગુરુ શ્રી કીર્તિવિજયજીકૃત રચના રત્નાકરનું લેખન. વિ. સં. ૧૬૯૬માં જેઠ સુદ બીજના કલ્પસૂત્ર પર ૬૫૮૦ શ્લોકપ્રમાણ કલ્પસુબોધિકા નામની ટીકા વિજયાનંદસૂરિના રાજ્યમાં રામવિજયપંડિતના શિષ્ય શ્રી વિજય-ગણિની અભ્યર્થનાથી રચી; તે શ્રી વિમલહર્ષના શિષ્ય શ્રી ભાવવિજય ગણિએ શોધી. વિ. સં. ૧૬૯૭માં ધન્ય ત્રયોદશીએ દ્વારપુર (બારેજા)થી સ્તંભતીર્થ (ખંભાત)માં ચોમાસું રહેલા તપાગણપતિને લખેલ વિદ્વત્તાભર્યો ચિત્ર—કાવ્યમય પાંચ અધિકારવાળો આનંદલેખ વિ. વિજ્ઞપ્તિપત્ર. વિ. સં. ૧૬૯૮માં તપાગચ્છપતિ વિજયદેવસૂરિ અને વિજયસિંહસૂરિના સમયમાં ગુજરાતી ભાષામાં રચેલી (સૂર્યપુર) સુરતની ચૈત્યપરિપાટી; જેમાં સુરત, રાંદેર, વલસાડ, ગણદેવી, નવસારી, હંસોટામાં રહેલા તે સમયનાં જૈનચૈત્યોનો સારો ખ્યાલ મળી આવે છે. વિ. સં. ૧૭૦૧માં તપાગણપતિ પૂ. આચાર્યના આદેશથી—જોધપુર ચોમાસુ રહેલા—તેમના તરફ સુરતથી લખેલ 'ઈન્દુદૂત' કાવ્યલેખ. વિ. સં. ૧૭૦૫માં ધનતેરસે ખંભાતમાં શ્રીસંઘ તરફથી ચોમાસા માટે ખંભાત પધારવા વિજ્ઞપ્તિરૂપે, રાજનગરમાં રહેલા, શ્રી વિજયદેવસૂરિ તરફ લખેલ ગુજરાતી કવિતા—લેખ. વિ. સં. ૧૭૦૬માં ભાદ્રપદમાં વિજયસિંહસૂરિના આધિપત્યમાં નેમિનાથ ભ્રમર—ગીત. વિ. સં. ૧૭૦૭માં દીવ બંદરમાં વિજયદેવસૂરીશ્વર અને વિજયસિંહગુરુની તુષ્ટિ માટે સંસ્કૃત નયકુસુમાંજલિ (નયકર્ણિકા). વિ. સં. ૧૭૦૮માં વૈશાખ સુદ ૫ના જૂનાગઢમાં ૧૭૬૨૧ શ્લોક-પ્રમાણ અતિવિસ્તૃત દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ લોકવિષયક 'લોકપ્રકાશ' નામના મહાન સંસ્કૃત ગ્રંથની રચના. વિ. સં. ૧૭૧૦માં રાધનપુરમાં કાંતિવિજયગણિ માટે સિદ્ધહૈમ વ્યાકરણ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

લઘુપ્રક્રિયાની રચના. વિ. સં. ૧૭૧૩માં વિજયપ્રભસૂરિ પર્યંત પટ્ટાવલી સજ્ઝાય. વિ. સં. ૧૭૧૬માં સુરતમાં ધર્મનાથ વિજ્ઞપ્તિરૂપ ઉપમિતિભવ-પ્રપંચ સ્તવન. વિ. સં. ૧૭૨૩માં ગંધારમાં શાંતસુધારસ ભાવના પ્રબંધ ( સં. ગેય દેશીઓમાં, મધુર સંગીતમાં ઉતારેલ ઉચ્ચ જૈન સોળ ભાવનાઓ ). વિ. સં. ૧૭૨૬માં મહામહોપાધ્યાય યશોવિજયે રચેલ ધર્મપરીક્ષા ગ્રંથનું સંશોધન. વિ. સં. ૧૭૨૮માં રાંદેરમાં રાજુલ-નેમિ-સંદેશ ( બારમાસ ). વિ. સં. ૧૭૨૯માં રાંદેરમાં વિજયાદશમીએ પુણ્યપ્રકાશ ( આરાધના ) સ્તવન. વિ. સં. ૧૭૩૧માં ગંધારમાં જિનસહસ્રનામસ્તોત્ર. વિ. સં. ૧૭૩૨માં પંચકારણ ( પંચસમવાય ) સ્તવન; સ્યાદ્વાદ સૂચક મહાવીરસ્તવન. વિ. સં. ૧૭૩૬માં વિજયરત્નસૂરિના અધિકારમાં ગુણસ્થાપક સ્વરૂપ ( વીર ) સ્તવન. વિ. સં. ૧૭૩૭માં વિજયાદશમીએ રતલામમાં હૈમપ્રકાશ ( હૈમપ્રક્રિયા વિવરણ ) વિસ્તૃત વ્યાકરણગ્રંથ. વિ. સં. ૧૭૩૮માં રાંદેરમાં ભગવતીસૂત્ર-સજ્ઝાય. વિ. સં. ૧૭૩૮માં રાંદેરમાં શ્રીપાલ રાસ. ( ૭૫૦ ગાથાપર્યંત અપૂર્ણ મૂકી કાળધર્મ પામતા બાકીનો ભાગ તેમના વચનથી સુપ્રસિદ્ધ ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ પૂર્ણ કર્યો, આ ઉપરાંત, તેમણે આદિનાથ-વિનંતિ, ઉપધાનસ્તવન, ષડાવશ્યકસ્તવન, પચક્ખાણની સજ્ઝાય, આયંબીલની સજ્ઝાય, વિનયવિલાસ ( સુંદર ૩૭ પદોનો સંગ્રહ ), વીસી, ચોવીસી ( ૨૪ જિનોનાં ૨૪ સ્તવન ), અધ્યાત્મગીતા, શાશ્વતજિનભાષ, અર્હન્નમસ્કારસ્તોત્ર, હૈમલઘુપ્રક્રિયા પર સ્વોપજ્ઞ ટીકા ૩૪૦૦૦ શ્લોકપ્રમાણ, ભાવવિજયગણિ કૃત ત્રિંશજ્જલ્પ સંક્ષેપ તરીકે ષટ્ત્રિંશતજલ્પ સંસ્કૃત ગદ્યમાં રચેલ છે. ધનતેરશે પ્રભાસપાટણથી ગુજરાતની રાજધાની પાટણમાં ચોમાસું રહેલા પૂજ્ય વિજયદેવસૂરિ તરફ પૂર્વાર્ધ પ્રાકૃત અને ઉત્તરાર્ધ સંસ્કૃત પદ્યોવાળું છટાદાર વિશિષ્ટ નિવેદનવાળું પર્યુષણાપર્વ-વિજ્ઞપ્તિપત્ર રચી મોકલ્યું હતું.

તેઓશ્રી વિક્રમની સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં અને અઢારમી સદીના પૂર્વાર્ધમાં વિદ્વત્તાભરી રચનાઓથી વિખ્યાત થયેલા. આ બહુશ્રુત વિશ્વાસભાજન ઉપાધ્યાય એક પ્રતિભાશાળી નામાંકિત વિદ્વાન હતા. વિ. સં. ૧૭૧૦ના જેઠ સુદ ૯ના વિજયસિંહસૂરિના ઉપદેશથી શત્રુંજયના શિખર પર થયેલા ઉગ્રસેન ( આગ્રા શહેર )વાસી ઓશવાલજ્ઞાતીય, વૃદ્ધશાખીય અને કુહાડગોત્રીય સા. વર્ધમાન ( સ્ત્રી વાલ્હાદે )ના પુત્ર સા. માનસિંહ, રાયસિંહ, કનકસેન, ઉગ્રસેન, ઋષભદાસ આદિએ સા. જગતસિંહ અને જીવણદાસ પ્રમુખ પુત્રાદિ પરિવાર સહિત પોતાના પિતા વર્ધમાનના વચનથી તેમના પુણ્ય માટે આ સહસ્રકૂટ તીર્થ કરાવ્યું. અને વિજયદેવસૂરિ અને વિજયપ્રભસૂરિની આજ્ઞાથી વિજયહીરસૂરિ શિષ્ય મહો૦ કીર્તિવિજયજી ગણિના શિષ્ય ઉપાધ્યાય વિનયવિજયજીએ તેની પ્રતિષ્ઠા કરી. ( સંકલન : કરમશી ખેતશી ખોના )

( 'ઐતિહાસિક લેખસંગ્રહ' પૃ. ૪૩૨ થી ૪૩૬. 'જૈન સાહિત્યનો ઇતિહાસ' પૃ. ૬૪૮ અને 'જૈન ગૂર્જર કવિઓ' ભા. ૨, પૃ. ૪ થી ૧૯ માંથી સંકલન )

Jain Education International 2010_04          For Private & Personal Use Only          www.jainelibrary.org